# જોઈએ છે.

શ્રી રાષ્ટ્રીય કેળવણી મંડળ–બોરસદ સંચાલિત, શ્રી વીર નર્મદ દ.ગુ.યુનિવર્સીટી–સુરત સલગ્ન, શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ–કહાનવાડી તા.આંકલાવ જી.આણંદમાં ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તા.૧૨-૧૧-૨૦૨૦ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૦/૯૨૩–૨૬ મુજબ નીચે મુજબના સ્ટાફની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રંથપાલ | ૧ | સ્નાતક અને બી.લીબ.,પ્રથમ વર્ગ, એમ.લીબ.ને પ્રથમ પસંદગી | બિન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |
| ૨ | હિસાબનીશ | ૧ | એમ.બી.એ. અથવા એમ.સી.એ. અથવા એમ.કોમ. અથવા એમ.એસ.સી.(ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) અથવા એમ.એ.( આંકડાશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર /ગણિતશાસ્ત્ર) અથવા બી.બી.એ./બી.સી.એ./બી.કોમ./ બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) અથવા બી.એ. .( આંકડાશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર ગણિતશાસ્ત્ર/) ની બીજા વર્ગની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત તેમજ (૧) સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેજીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ વિકલ્પે (૨)કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. (૩) ધો.૧૦ અથવા ધો.-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલી એકાઉન્ટિંગના જાણકારને પસંદગીમાં અગ્રતા. | બિન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |
| ૩ | સિનિયર ક્લાર્ક | ૧ | માન્ય યુનિવર્સીટીના સ્નાતક તેમજ (૧) સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા -૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેજીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ વિકલ્પે (૨)કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.(૩) ધો.૧૦ અથવા ધો.-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલી એકાઉન્ટિંગના જાણકારને પસંદગીમાં અગ્રતા. | બિન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેજીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં ડીગ્રી કે ડીપ્લોમાં અથવા સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમ કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધો.૧૦/૧૨માં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોવા જોઈએ.આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે.પરંતુ આવા ઉમેદવારોએ નિમાણક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેજીક નોલેજની પરીક્ષા પાસ

કર્યાનું આવું પ્રમાણપત્ર નિમાણુક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે.અન્યથા નિમાણુક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરી શકશે.

૨. નાણા વિભાગના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૬/પાર્ટ ૨/ઝ/૧ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે.વધારાના કોઈ જ ભથ્થા મળવા પાત્ર નથી.

૩. આ જગ્યા પર નિમાણુક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

૪. આ જગ્યા પર નિમાણુક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૪/૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે અને તે માટેનું બાહેંધરી પત્ર નિમાણુક મેળવતા પહેલા આપવાનું રહેશે.

૫. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમાણુક આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહિ. તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહિ.

૬. આ જગ્યા હેઠળ નિમાણુક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા આનુંસગિક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામવિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમાણુક પામેલા કર્મચારીઓને છુટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહિ.

૮. આ જગ્યા હેઠળ નિમાણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઈ તેવી ફરજો બજાવવાની રહેશે.તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટિસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહિ.જાહેર રજાના દિવસોએ પણ સરકારની/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા હેઠળ નિમાણુક પામનારને પાંચ વર્ષ દરમ્યાન દરમ્યાન ૧૨ પરચુરણ રજા,જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહિ.તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે.મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવા પાત્ર થશે.

૧૦. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમાણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

૧૧. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો નક્કી થાય તે બંધન કરતા રહેશે.

**શૈક્ષણિક લાયકાત -**

**૧. ગ્રંથપાલ :** સ્નાતક અને બી.લીબ.,પ્રથમ વર્ગ, એમ.લીબ.ને પ્રથમ પસંદગી

**૨. હિસાબનીશ :** એમ.બી.એ. અથવા એમ.સી.એ. અથવા એમ.કોમ. અથવા એમ.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) અથવા એમ.એ.( આંકડાશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર /ગણિતશાસ્ત્ર) અથવા બી.બી.એ./બી.સી.એ./બી.કોમ./ બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) અથવા બી.એ. ( આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ ગણિતશાસ્ત્ર) ની બીજા વર્ગની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત તેમજ (૧) સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ વિકલ્પે (૨)કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.(૩) ધો.૧૦ અથવા ધો.-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.ટેલી એકાઉન્ટિંગના જાણકારને પસંદગીમાં અગ્રતા.

**૩. સિનિયર ક્લાર્ક :** માન્ય યુનિવર્સીટીના સ્નાતક તેમજ (૧) સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા -૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/ ૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ વિકલ્પે (૨)કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.(૩) ધો.૧૦ અથવા ધો.-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલી એકાઉન્ટિંગના જાણકારને પસંદગીમાં અગ્રતા.

**વય મર્યાદા :** ૧૮ થી ૩૫ વર્ષ મહિલાઓને વધારાના પાંચ વર્ષની છૂટછાટ મળવા પાત્ર છે.

**પરીક્ષા પધ્ધતિ :**

નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે તેઓએ (૧)પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પધ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે.ત્યારબાદ બીજા તબક્કામાં લેખિત પરીક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોએ કોમ્પુટર પ્રોફીસીયન્સી (કોમ્પુટર કાર્ય ક્ષમતા) ૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે.એમ બન્ને કસોટીમાંથી મેળવેલ સંયુક્ત ગુણના મેરીટના આધારે મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ભાગ ૧ :

લેખિત કસોટી : (OMR)   પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦   સમય : બે કલાક

**ગ્રંથપાલની જગ્યા માટે:**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ,ભૂગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય જ્ઞાન,ટેસ્ટ ઓફ રીઝનીંગ,પર્યાવરણ,જાહેર વહીવટ,સરકારી યોજનાઓ, પંચાયતીરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ,ગાણિતિક કસોટીઓ. | ૪૦ |

| | | |
|---|---|---|
| ૨ | ગુજરાતી સાહિત્ય,ગુજરાતી વ્યાકરણ. | ૨૦ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ,બુનિયાદી તાલીમ | ૧૨૦ |

**હિસાબનીશની જગ્યા માટે:**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ,ભૂગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય જ્ઞાન,ટેસ્ટ ઓફ રીઝનીંગ,પર્યાવરણ,જાહેર વહીવટ,સરકારી યોજનાઓ, પંચાયતીરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ,ગાણિતિક કસોટીઓ. | ૪૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય,ગુજરાતી વ્યાકરણ. | ૨૦ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ,બુનિયાદી તાલીમ | ૧૨૦ |

**સિનીયર ક્લાર્કની જગ્યા માટે:**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ,ભૂગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય જ્ઞાન,ટેસ્ટ ઓફ રીઝનીંગ,પર્યાવરણ,જાહેર વહીવટ,સરકારી યોજનાઓ, પંચાયતીરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ,ગાણિતિક કસોટીઓ. | ૪૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય,ગુજરાતી વ્યાકરણ. | ૨૦ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ,બુનિયાદી તાલીમ | ૧૨૦ |

**નોંધ :**

૧. સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) Optical Mark Read (OMR) પદ્ધતિની રહેશે.

૨. ઉમેદવારોએ બધાજ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩. દરેક પ્રશ્ન બે ગુણના રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attemped રહેશે.ઉમેદવાર કોઈ પ્રશ્ન જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને તેના માટે કોઈ નેગેટીવ માર્ક્સ લાગુ નહિ પડે.

૬. સ્પર્ધાત્મક કસોટીમાં ઉર્તીણ થનાર ઉમેદવારોને ભાગ ૨ કોમ્પુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

**ભાગ : ૨** કોમ્પુટર પ્રોફીસીયન્સી કસોટી

ગુણ : ૧૦૦ સમય : ૧ કલાક

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રેજી ટાઈપીંગ કસોટી | ૨૦ |
| ૩ | કોમ્પ્યુટર ઉપયોગીતાના સંદર્ભમાં પ્રેક્ટીકલ | ૬૦ |

**સામાન્ય શરતો :**

૧. ગ્રામવિદ્યાપીઠ માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૨. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા ઉમેદવારી જે તે સમયે જ રદ ગણાશે.

૩. સરકારશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહિ.

૪. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલ કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ,શૈક્ષણિક લાયકાત, વય, જતી અનુભવ વિગેરેને લગતા ભવિષ્યમાં કોઈ પણ સમયે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.આવા ઉમેદવારની ઉમેદવારી અને નિમણુક રદ કરવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે નિમણુક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુક મેળવવાને પાત્ર થશે.

૬. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કરતા રહેશે.

૭. ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફી નો ડીડી આચાર્યશ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડીના નામનો જોડવાનો રહેશે.

૮. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહિ.

**અરજી કરવાનું સરનામું:**
**મંત્રીશ્રી, શ્રી રાષ્ટ્રીય કેળવણી મંડળ,**
**સત્યાગ્રહ છાવણી, મુ.બોરસદ ,**
**તા.બોરસદ, જી.આણંદ. પીન -૩૮૮૫૪૦**